પ્રિ.પી.ટી.સી પ્રવેશ માટે વિધવા
ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટ
મુકવા તથા જગ્યા આરક્ષિત રાખવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પપશ/૧૦૨૦૦૦/૯૮૬૩/ન,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૪/૧૨/૨૦૦૦.

વંચાણે લીધો :-

(૧) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગુ.રા. ગાંધીનગરનો તા.૨૫/૭/૨૦૦૦ નો પત્ર ક્રમાંક:તાલીમ/૧/પ્રવેશ/જ/૪૩૩૩.
(૨) શિક્ષણ વિભાગના તા.૯/૬/૯૮નું જાહેરનામું.

ઠ રા વ :-

શિક્ષણ વિભાગના તા.૯/૬/૯૮ના જાહેરનામાથી રાજયમાં પ્રિ. પી.ટી.સી.માં પ્રવેશની વયમર્યાદા ઓછામાં ઓછી ૧૫ વર્ષ અને વધુમાં વધુ ૨૨ વર્ષની નિયત કરવામાં આવેલ છે. આ ઉપરાંત આરક્ષિત કેટગરીમાં ઉપલી વય મર્યાદામાં નિયમોનુસાર પાંચ વર્ષની છૂટછાટ મુકવામાં આવેલ છે.

૨. રાજયમાં પી.ટી.સી.માં વિધવા ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મૂકી ૩૩ વર્ષની તથા પી.ટી.સી. પ્રવેશ સમયે વિધવા બહેનો માટે રાજયની સ્ત્રી સંસ્થાઓમાં વર્ગદીઠ એક બેઠક (વર્ગ દીઠ ૪૦ ની બેઠક ઉપરાંત જયાં જરુર હોય ત્યાં જ ) આરક્ષિત રાખવામાં આવેલ છે. તે જ પ્રમાણે પ્રિ.પી.ટી.સી.માં પણ વયમર્યાદા નિયત કરવા માટે ઉપર વંચાણે લીધેલા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્રથી સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાજયમાં પ્રિ.પી.ટી.સી.માં પ્રવેશ સમયે વિધવા ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મૂકી ૩૩ વર્ષની કરવાનું તથા સ્ત્રી સંસ્થાઓમાં વિધવા ઉમેદવારો માટે વર્ગદીઠ એક બેઠક ( વર્ગદીઠ ૪૦ બેઠક ઉપરાંત જયાં જરુર હોય ત્યાં જ ) આરક્ષિત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

....૨....

૩. આ ઠરાવ રવાના થયાની તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જી. કે. ભાવસાર)
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી , શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. ( સર્વે સંબંધિત સંસ્થાને પરિપત્ર કરવા સારુ.)
- શિક્ષણ વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ.
- સર્વે શાખાઓ.
- સિલેક્ટ ફાઈલ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.

ચા.૩૦/૧૧.